### સિંચાઈ વિભાગ દ્વારા પાણી બંધ કરાવી યુદ્ધના ધોરણે મરામતની કામગીરી હાથ ધરવામાં આવી

# સોજીત્રા : કેનાલમાં ગાબડું પડતાં સીમ વિસ્તારમાં પાણી ફરી વળ્યાં, અનેક ઘરોમાં પણ ઘૂસ્યાં પાણી

**અસરગ્રસ્તોએ** સહાયની માંગ કરી




(પ્રતિનિધિ) સોજીત્રા, તા.૬

સોજીત્રા નગરની સીમ વિસ્તારમાં આવેલા અન્નપૂર્ણા માતાના મંદિર પાસેથી પસાર થતી કેનાલમાં અચાનક ગાબડું પડતાં મોટી માત્રામાં પાણી સીમ વિસ્તારમાં ફરી વળ્યું હતું. પાણીનો પ્રવાહ અનેક રહેણાંક વિસ્તારો સુધી પહોંચી જતાં કેટલાક પરિવારોના ઘરોમાં પાણી ઘૂસી ગયું હતું. જેના કારણે અનાજ, ઘાસચારો અને ઘરવખરીને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે ગાબડું ગામ તરફના ભાગમાં નહીં પરંતુ સીમ વિસ્તારમાં પડતાં વધુ મોટી જાનમાલની નુકસાની ટળી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાત્રે અંદાજે પોણા દસ વાગ્યાના સુમારે કેનાલમાં ગાબડું પડતાં અચાનક મોટી માત્રામાં પાણી બહાર નીકળવા લાગ્યું હતું. વરસાદ ન હોવા છતાં સીમ વિસ્તારમાં પાણીનો પ્રવાહ શરૂ થતાં સ્થાનિકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. તપાસ કરતાં કેનાલમાં ગાબડું પડવાના કારણે પાણી ફરી વળ્યું હોવાનું સામે આવ્યું હતું.

ઘટનાની જાણ તાત્કાલિક સિંચાઈ વિભાગ, મામલતદાર અને પ્રાંત અધિકારીને કરવામાં આવી હતી. માહિતી મળતાં જ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને વધુ નુકસાન અટકાવવા માટે કેનાલમાં પાણીનો પ્રવાહ તાત્કાલિક બંધ કરાવવામાં આવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં પાણી સીમ વિસ્તારમાં આવેલા અનેક મકાનો સુધી પહોંચી ગયું હતું.

પાણી ઘૂસી જતાં કેટલાક પરિવારોના ઘરોમાં રાખવામાં આવેલ બાજરી સહિતનો અનાજ, પશુઓ માટેનો ઘાસચારો તેમજ ઘરવખરી પલળી જતાં નોંધપાત્ર આર્થિક નુકસાન થયું હોવાનું અસરગ્રસ્તોએ જણાવ્યું હતું. હાલમાં પાણી ઓસરી જતાં લોકો સફાઈ અને નુકસાનનો અંદાજ મેળવવાની કામગીરીમાં લાગી ગયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ તાજેતરમાં જ આ કેનાલના મરામત અને જાળવણીનું કામ હાથ ધરાયું હતું. જોકે મરામતની કામગીરી પૂર્ણ થયા પહેલાં જ સિંચાઈ માટે કેનાલમાં પાણી છોડવામાં આવ્યું હતું. પાણીનો દબાણ વધુ હોવાથી ગાબડું પડ્યું હોવાની ચર્ચા પણ સ્થાનિકોમાં ચાલી રહી છે.

### નડિયાદના સંતરામ મંદિરમાં વરૂણદેવને રીજવવા 'પર્જન્ય' મંત્રના જાપ કરાયા



નડિયાદ સ્થિત સંતરામ મંદિરના મહંત રામદાસજી મહારાજની આજ્ઞાથી સમગ્ર પંથકમાં ઉત્તમ વરસાદ થાય તે હેતુથી વિશેષ અનુષ્ઠાન યોજાયું હતું. સંતરામ મહારાજની અખંડ જ્યોતની નિશ્રામાં ઋષિકુમારો અને ગુરુજનો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતાં. નડિયાદની બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ સૃષ્ટિના કલ્યાણ માટે મેઘરાજાને આહવાન કર્યું હતું. વરસાદની તાતી જરૂરિયાતને ધ્યાને રાખી ભક્તિમય માહોલમાં વરૂણદેવની આરાધના કરી મંત્ર જાપ કરવામાં આવ્યા હતાં. તસવીર : જશવંતસિંહ રાઠોડ

### વડતાલધામમાં સંસ્કૃત સાધના અને વહીવટનો અદભૂત સંગમ

# વડતાલ મંદિરના ચેરમેનને 'વેદ શાસ્ત્ર પંડિત સન્માન'થી નવાજાશે

**રાજ્ય સંસ્કૃત સાહિત્ય** અકાદમી દ્વારા વર્ષ 2025ના સર્વોચ્ચ પુરસ્કારની જાહેરાત

(પ્રતિનિધિ) આણંદ તા.૬

રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2025નો પ્રતિષ્ઠિત વેદ-શાસ્ત્ર પંડિત સન્માન વડતાલ મંદિરના ચેરમેન, સ્વામી સંતવલ્લભદાસજીને અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. અકાદમીના અધ્યક્ષ ડો. ભાગ્યેશ જહા અને મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવની ઉપસ્થિતિમાં યોજાનારા ગૌરવપૂર્ણ સમારોહમાં આ સન્માન એનાયત થશે.

વહીવટી જવાબદારી વચ્ચે પણ રોજનો એક કલાક 'સંસ્કૃત સાધના' માટે અનામત સ્વામી સંતવલ્લભદાસજીનું વ્યક્તિત્વ એક આધુનિક વિદ્વાન સંતનું ઉદાહરણ છે. વડતાલ જેવા વિશાળ અને વૈશ્વિક સંપ્રદાયના ચેરમેન તરીકે વહીવટી અને ધાર્મિક જવાબદારીઓનું વહન કરવા છતાં, તેઓ આજે પણ દરરોજ એક કલાકથી વધુ સમય સંસ્કૃતના અધ્યયન, સંશોધન અને લેખન માટે ફાળવે છે. સુરતમાં પ્રાથમિક શિક્ષણ બાદ તેમણે કાશી (બનારસ)માં સંસ્કૃત શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમની પાસે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પીએચ.ડી. અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની ડી.લિટ. જેવી ઉચ્ચ શૈક્ષણિક પદવીઓ છે.



આ સન્માન અંગે આશીર્વાદ પાઠવતા આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે જણાવ્યું કે, આ પુરસ્કાર માત્ર સ્વામીજીનું વ્યક્તિગત સન્માન નથી, પરંતુ સંસ્કૃત અને વૈદિક સાહિત્યના સંવર્ધન માટે વડતાલ સંપ્રદાયની દાયકાઓ જૂની પરંપરાનું સન્માન છે. આ જાહેરાત બાદ વડતાલ ટ્રસ્ટના સભ્યો, જ્ઞાનજીવનદાસજી સ્વામી, નૌતમપ્રકાશદાસજી સ્વામી સહિતના અગ્રણી સંતોએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

# રબારી સમાજના તેજસ્વી તારલાનું સન્માન કરાયું

**ધોરણ ૧** થી ૧૨ના વિદ્યાર્થીઓને મોમેન્ટો અને ચોપડાનું વિતરણ

(પ્રતિનિધિ) ડાકોર તા.૬

ડાકોર ખાતે વડવાળા મંદિર, દૂધરેજ સંચાલિત રઘુવીર ધામ તેમજ ચરોતર રબારી સમાજના સંયુક્ત ઉપક્રમે ચરોતર માળકાંઠા પાંત્રીસ ગામ રબારી સમાજનો તેજસ્વી તારલા સન્માન સમારંભ ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજના ધોરણ ૧ થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે મોમેન્ટો અને ચોપડાઓ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત ડાકોર રઘુવીર ધામના સંત પરષોત્તમદાસ બાપુ, જયભાઈ ભુવાજી (ખંભોળજ), જગદીશભાઈ ભુવાજી (ભાદરવા), કમલેશભાઈ ભુવાજી (સારસા) અને અગ્રણી અજયભાઈ બોરસદ સહિતના મહાનુભાવોએ યુવાનોને કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વક્તાઓએ યુવાનોને ઉચ્ચ અભ્યાસ દ્વારા પરિવાર અને સમાજનું નામ રોશન કરવા શીખ આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન સમાજના નવનિયુક્ત અને નિવૃત્ત કર્મચારીઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચોપડા માટે સ્વ. ડો. વૈધ ભીખાભાઈ રબારી (ગાડા) અને મોમેન્ટો માટે નાગજીભાઈ રબારી (ખંભોળજ) દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. રૂપલબેન રબારી અને જયદીપભાઈ રબારીએ કર્યું હતું,

### મહુધાના વડથલમાં કબ્રસ્તાન પાસે ચાલતા જુગારના અડ્ડા પર દરોડો

# મહુધા : લાઈટના અજવાળે જુગાર રમતાં દસ સહિત ૧૧ ઝડપાયા

**અમદાવાદના** કાલુપુર-જુહાપુરાના શખ્સો પકડાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

ખેડા જિલ્લાના મહુધા તાલુકાના વડથલ ગામમાં મુસ્લિમ કબ્રસ્તાન નજીક ખુલ્લી જગ્યામાં ધમધમતા જુગારધામ પર લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઓચિંતી રેડ પાડી છે. આ કાર્યવાહીમાં પોલીસે અમદાવાદથી જુગાર રમવા આવેલા 10 શખ્સો અને એક સ્થાનિક સંચાલક સહિત કુલ 11 આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ, મોબાઈલ અને રિક્ષા મળીને કુલ રૂપિયા 1,13,600નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બાતમીના આધારે કાર્યવાહી જિલ્લામાં જુગારની બદીને ડામવા માટેની સૂચના હેઠળ એલસીબીની ટીમ સતર્ક હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે વડથલ ગામના મોટી ભાગોળ વિસ્તારમાં અબ્દુલમજીદ અબ્દુલહમીદ મલેક નામનો શખ્સ પોતાના આર્થિક ફાયદા માટે બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે રાત્રિના સમયે લાઈટના અજવાળે ચાલતા આ જુગારધામ પર છાપો માર્યો હતો, જેનાથી જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે કોર્ડન કરી તમામને દબોચી લીધા હતા.

પોલીસે આરોપીઓની અંગ ઝડતી લેતા રૂ. 19,400, જુગારના દાવ પરથી રૂ. 3,200, રૂ. 41,000ની કિંમતના 10 નંગ મોબાઈલ ફોન અને પરિવહન માટે વપરાયેલી રૂ. 50,000ની કિંમતની એક સીએનજી રિક્ષા જપ્ત કરી છે.

આ દરોડામાં પકડાયેલા આરોપીઓમાં વડથલના સંચાલક ઉપરાંત અમદાવાદના દરિયાપુર, કાલુપુર, જુહાપુરા, દાણીલીમડા, જમાલપુર અને ખમાસા વિસ્તારના લોકોનો સમાવેશ થાય છે. પોલીસે તમામ સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ ખાતે 'વિશ્વ સહકારિતા દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી

**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આ કોલેજમાં 'સહકાર સે સમૃદ્ધિ' સપ્તાહ અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.



મુખ્ય વક્તા કાર્તિકભાઈ પટેલે વિદ્યાર્થીઓને સહકારના મૂળભૂત સિદ્ધાંતો અને વર્ષ ૨૦૨૧-૨૦૨૬ની નવી સહકારી નીતિઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય પ્રો. પ્રશાંત પટેલે વિદ્યાર્થીઓને સહકારિતાના મૂલ્યોને માત્ર પુસ્તકો પૂરતા મર્યાદિત ન રાખતા વ્યક્તિગત જીવનમાં આત્મસાત કરવા પ્રેરણા આપી હતી. અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બી.એ. અને એમ.એ. વિદ્યાશાખાના કુલ ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### આણંદની સરદાર વલ્લભભાઇ પટેલ પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઇ

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની કલાને પ્રોત્સાહન આપવા માટે ચિત્ર સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



આ સ્પર્ધામાં કુલ ૧૭૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં એકેડમીના પ્રવીણભાઈએ બાળકોને કલા અંગેનું વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બે વિભાગમાં યોજાયેલી સ્પર્ધામાં આયેશા પટેલ અને પીનલ ચાવડા સહિતના અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓ વિજેતા બનતા તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા અને સંસ્થાના હોદ્દેદારોએ તમામ વિજેતા અને સહભાગી વિદ્યાર્થીઓને તેઓના કૌશલ્ય બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સંતરામ મંદિર ખાતે 'બાયોમેકેનિક્સ' વર્કશોપમાં યોગ અને આધુનિક શરીરવિજ્ઞાનનો સમન્વય



**નડિયાદ |** સંતરામ મંદિરના 'સુયોગમ' દ્વારા આયોજિત બે દિવસીય "Awareness of Biomechanics" વર્કશોપ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. ઇટાલીના નિષ્ણાત ફિઝિયોથેરાપિસ્ટ ભારતી (કેમિલા) એ શરીરની જાગૃતિ અને બાયોમેકેનિક્સ વિષય પર સાધકોને પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. રામદાસજી મહારાજના આશીર્વાદથી આયોજિત આ કાર્યક્રમમાં યોગ અને આધુનિક શરીરવિજ્ઞાનના અનોખા સમન્વયનો અનુભવ કરાવાયો હતો. આ વર્કશોપમાં સુયોગમના અનેક સાધકો અને સેવકોએ ઉત્સાહપૂર્વક જોડાઇને સ્વાસ્થ્ય અંગેની જ્ઞાનવર્ધક માહિતી મેળવી હતી.

### સીવીએમ યુનિવર્સિટીના ૧૦ વિદ્યાર્થીઓ 'ઇન્ટરનેશનલ સમર પ્રોગ્રામ' માટે રશિયા પહોંચ્યા

**આણંદ |** સીવીએમ યુનિવર્સિટીના ૧૦ તેજસ્વી વિદ્યાર્થીઓ ત્રણ સપ્તાહના 'ઇન્ટરનેશનલ સમર પ્રોગ્રામ ૨૦૨૬' માટે રશિયાના



એકાટેરિનબર્ગ ખાતે સફળતાપૂર્વક પહોંચી ગયા છે. આ વિદ્યાર્થીઓ ત્યાંની પ્રતિષ્ઠિત યુઆરએફયુ યુનિવર્સિટીમાં એઆઈ, આઈટી, ઇકોનોમિક્સ અને એનર્જી એન્જિનિયરિંગ જેવા આધુનિક વિષયોનું વૈશ્વિક જ્ઞાન મેળવશે. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો સાથે સંવાદ સાધીને ગ્લોબલ નેટવર્કિંગ કેળવશે અને વિવિધ ઔદ્યોગિક પ્લાન્ટ્સની મુલાકાત દ્વારા પ્રેક્ટિકલ અનુભવ પણ મેળવશે.

### કપડવંજમાં રાધેકૃષ્ણ નર્સિંગ ઈન્સ્ટિ. દ્વારા ન્યાય સમિતિના ચેરમેન જીગીશાબેન પરમારનું સન્માન કરાયું

**કપડવંજ |** ખેડા જિલ્લા પંચાયતની ન્યાય સમિતિના નવનિયુક્ત ચેરમેન જીગીશાબેન પરમારનું રાધેકૃષ્ણ પેરા મેડિકલ નર્સિંગ



ઇન્સ્ટિટ્યૂટ, કપડવંજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના સંચાલક ડો. નિમેષ પરમાર અને વિદ્યાર્થીઓએ જીગીશાબેનના નિવાસસ્થાને જઈને તેઓને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જીગીશાબેને ઉપસ્થિત તમામ નર્સિંગ વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ માટે અલ્પાહારનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

### કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં 'સ્પેલ બી' સ્પર્ધાનું ભવ્ય આયોજન કરાયું




**કપડવંજ |** જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૬ થી ૯ ના ૧૨૦ વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અને જોડણી કૌશલ્યના વિકાસ માટે 'સ્પેલ બી' સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિવિધ તબક્કાઓમાં કઠિન શબ્દોની સાચી જોડણી કરી પોતાની પ્રતિભા, એકાગ્રતા અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું હતું. પ્રિન્સિપાલ જય ચોકસીએ વિજેતાઓને અભિનંદન આપતા જણાવ્યું કે આવી સ્પર્ધાઓ ભાષાકીય કુશળતા અને યાદશક્તિ વધારવામાં મદદરૂપ થાય છે. શાળાના ડિરેક્ટર સિદ્ધાર્થ પટેલે કાર્યક્રમના સફળ આયોજન બદલ શિક્ષકગણ અને ઉત્સાહી સહભાગી વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી.

### વટાદરાના સામાજિક કાર્યકર દ્વારા જન્મદિવસ નિમિત્તે બાળકોને શિક્ષણ કીટનું વિતરણ કરાઇ



**આણંદ |** વટાદરામાં ખોડિયાર કમ્પ્યુટર સેન્ટરના પ્રમુખે ખોટા ખર્ચ ટાળીને માનવતાવાદી અભિગમ સાથે પોતાના જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી કરી છે. છેલ્લા ત્રણ વર્ષની પરંપરા જાળવી રાખતા, આ વર્ષે ગામની આંગણવાડી અને શાળાના ૨૧૦ બાળકોને શૈક્ષણિક કીટ અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેન્ટર દ્વારા માતા-પિતા વિહોણા અનાથ બાળકોને સંપૂર્ણ મફત કમ્પ્યુટર અને ટ્યુશન ક્લાસની સુવિધા આપી શિક્ષણથી વંચિત ન રહે તેવું ઉમદા કાર્ય કરાય છે. ગ્રામજનો અને અગ્રણીઓએ આ નિ:સ્વાર્થ સેવા કાર્યને બિરદાવીને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જુલાઈ માસમાં 'કિસાન માસ'ની ઉજવણી કરવામાં આવશે

આણંદ | બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવાના હેતુથી સમગ્ર જુલાઈ માસને 'કિસાન માસ' તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. વડોદરા ઝોનના ઝોનલ મેનેજર વિવેક તિવારીના માર્ગદર્શન હેઠળ વિવિધ ગ્રામ પંચાયતોમાં ખેડૂત સંગોષ્ઠી અને લોન સંવિતરણ કેમ્પનું આયોજન કરાશે. આ અભિયાન અંતર્ગત ખેડૂતોને કિસાન વાહન, ખેતીના ઓજારો, સૂક્ષ્મ સિંચાઈ અને કિસાન ઘર જેવી વિવિધ લોન યોજનાઓનો લાભ આપવામાં આવશે. ૧૯ જુલાઈએ 'કિસાન દિવસ'ની ઉજવણી સાથે આ ઝુંબેશ દ્વારા ખેડૂતોના જીવનધોરણને ઉંચું લાવવા માટે બેંક દ્વારા વિશેષ પ્રયાસો હાથ ધરાશે.

### આણંદ એસટી ડેપોના 6 કર્મચારીઓનો ભવ્ય નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો



**આણંદ |** આણંદ એસટી ડેપો ખાતે વહીવટી અધિકારી હેમંત તલાટીના અધ્યક્ષ સ્થાને વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા 6 નિષ્ઠાવાન કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે એ.ટી. આઈ. મહમદ અલી સૈયદ અને હેડ મિકેનિક સાબીર મિયા મલેક સહિત ડ્રાઇવર-કંડક્ટરોનું ફુલહાર, શાલ અને સ્મૃતિ ભેટ આપી સન્માન કરાયું હતું. અધિકારીઓએ કર્મચારીઓની સેવાની પ્રશંસા કરી નિવૃત્ત જીવનની શુભકામના પાઠવી સરકારની પુન: નિમણૂકની યોજના વિશે પણ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં યુનિયનના આગેવાનો, પરિવારજનો અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

### પેટલાદના પાળજમાં સિનિયર સિટીઝન ફોરમની બેઠકમાં ભજન અને જ્ઞાનનો સંગમ જોવા મળ્યો



**પેટલાદ |** પાળજમાં લોક સેવા સમિતીના અધ્યક્ષ નગીનભાઇ પટેલના પ્રમુખ સ્થાને સિનિયર સિટીઝન ફોરમની મીટિંગ યોજાઈ હતી, જેમાં મંગળભાઇના ભજનોએ ભક્તિમય માહોલ સર્જ્યો હતો. આ પ્રસંગે ડો. નિર્મલ પટેલે ક્લાયમેટ ચેન્જની અસરો વિશે માહિતી આપી હતી અને પ્રમુખ લલ્લુભાઈ પટેલે ભજનિકનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમના અંતે અમેરિકા સ્થિત જશુબેન શાંતિલાલ પટેલ પરિવાર તરફથી તમામ વડીલો માટે સ્વરુચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ પ્રવિણભાઈ પારેખ દ્વારા કરવામાં આવી હતી.

**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ ઇસમોને જણાવવાનું કે, મોજે ગામ ખટનાલ તા.ખંભાત જી.આણંદ ખાતે ખટનાલ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ દરબાર ફળીયા વિસ્તાર તથા ગામ વિસ્તારની જર્જરીત આંગણવાડીનું મકાન કાટમાળ સાથે ઉતારી પાડી સમતળ કરવાનું હોઈ જેની જાહેર હરાજી તા.૧૩/૭/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૨ : ૦૦ કલાકે ખટનાલ ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે. જાહેર હરાજીમાં ભાગ લેનાર ઇસમને ડિપોઝીટ પેટેની રકમ રૂ.૨૦૦૦ હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે. જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા વ્યક્તિઓએ આધારકાર્ડ સાથે નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**તારીખ : ૧૩/૭/૨૦૨૬ને સોમવાર - સમય : બપોરે ૨ : ૦૦ કલાકે**
**સ્થળ : ખટનાલ ગ્રામ પંચાયત, તા.ખંભાત.જી.આણંદ.**

સરપંચ અને તલાટી કમ મંત્રી શ્રી
ખટનાલ ગ્રામ પંચાયત તા.ખંભાત, જી.આણંદ.